# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

********************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશામાં 60 હજાર કરોડની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**
2. **પ્રધાનમંત્રીએ ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાતની પહેલી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ કરાવ્યો.**
3. **સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ આપેલા ભાષણમાં આતંકવાદનું સમર્થન કરવા બદલ ભારતે આકરી ટીકા કરી**
4. **ભારતીય રિઝર્વ બેંકે કહ્યું કે, નાણાકીય વર્ષ 2025-26 ના બીજા ભાગમાં કેન્દ્ર સરકાર માટે વેતન અને સરેરાશ એડવાન્સ મર્યાદા 50 હજાર કરોડ રહેશે**
5. **ભારતમાં પેલેસ્ટાઇનના રાજદૂતે પેલેસ્ટાઇનના લોકોને આપેલા સમર્થન બદલ મોદી સરકારની પ્રશંસા કરી**

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાના ઝારસુગુડામાં 60 હજાર કરોડથી વધુના અનેક વિકાસ કામોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું. **B.S.N.L.**ની સ્વદેશી **4G** સાઇટ્સ સહિત ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત ટ્રેન સહિતના, રેલ્વે, ઉચ્ચ શિક્ષણ, આરોગ્યસંભાળ, કૌશલ્ય વિકાસ અને ગ્રામીણ આવાસ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લેનારી વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે શ્રી મોદીએ એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે, ઓડિશા ડબલ એન્જિનની ઝડપથી આગળ વધી રહ્યું છે.

## <u>બાઇટ- નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી (PM MODI ON PROJECT)</u>

પ્રધાનમંત્રી આશરે **11** હજાર કરોડના રોકાણ સાથે તિરુપતિ, પલક્કડ, ભિલાઈ, જમ્મુ, ધારવાડ, જોધપુર, પટના અને ઇન્દોરમાં આઠ ભારતીય ટેકનોલોજી સંસ્થાઓના વિસ્તરણ માટે શિલાન્યાસ કરતા કહ્યું કે, આજથી **BSNL** નો નવો અવતાર સામે આવ્યો છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, BSNL

પ્રધાનમંત્રી બહેરામપુરમાં એમ.કે.સી.જી. મેડિકલ કોલેજ અને સંબલપુરમાં વી.આઈ.એમ.એસ.એ.આર.ને વિશ્વ કક્ષાની સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અપગ્રેડ કરવા માટે શિલાન્યાસ કર્યો. વધુમાં, શ્રી મોદી અંત્યોદય આવાસ યોજના હેઠળ **50** હજાર લાભાર્થીઓને મંજૂરીપત્રોનું વિતરણ કર્યું. આ યોજના દિવ્યાંગ વ્યક્તિઓ, ગંગા સ્વરૂપા મહિલાઓ, ગંભીર બીમારીઓથી પીડાતા લોકો અને કુદરતી આફતોના ભોગ

બનેલા લોકો સહિત સંવેદનશીલ ગ્રામીણ પરિવારોને કાયમી ઘરો અને નાણાકીય સહાય પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMRUT BHARAT EXPRESS TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાતની પહેલી અમૃત ભારત ઍક્સપ્રેસ ટ્રૅનનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉધના રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક ઍસી વગરની સ્લિપર ટ્રૅન સુરતના ઉધના અને ઓડિશાના બ્રહ્મપુર વચ્ચે દોડશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ઓડિશાના બ્રહ્મપુરથી સુરતના ઉધના સ્ટેશન સુધી આ ટ્રેન શરૂ થતાં ઓડિશાના લોકો આનંદીત થશે કારણ કે, સમગ્ર દેશમાંથી અસંખ્ય લોકો સુરત સાથે જોડાયેલા છે.

### (બાઈટ – પીએમ) PM-SURAT-BARHAM

અદ્યતન અને આધુનિક સુવિધાથી સજ્જ આ ટ્રૅનથી પશ્ચિમ ભારત અને ઓડિશા વચ્ચે મુસાફરી ઝડપી, સરળ અને સસ્તી બનશે. તેમજ શ્રમિકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓની મુસાફરી સરળ બનશે. ટ્રૅનમાં

યાત્રાળુઓ અને પ્રવાસીઓની મુસાફરી સુવિધાજનક રહેશે. સાથે જ સીધા જ જોડાણથી સ્થાનિક વ્યવસાય અને સામાજિક પ્રવૃત્તિઓને લાભ થશે.

સાથે જ શ્રી વૈષ્ણવે બૂલેટ ટ્રેન મથકની મુલાકાત લીધી. મથકમાં પ્રતિક્ષા કક્ષ, શિશુમંદિર, આરામ કક્ષ, વિવિધ હાટડી વગેરે સુવિધા ઉપલબ્ધ છે. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે સીડીઓની પણ વ્યવસ્થા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-NAVRATRI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવરાત્રીના છઠ્ઠા દિવસે નાગરિકોને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં, કહ્યું કે દેવીની કૃપા દરેકના જીવનમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે તેવી શુભેચ્છા. તેમણે આશા પણ વ્યક્ત કરી કે બધા ભક્તો તેમના આશીર્વાદ પ્રાપ્ત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-UN REPLY

ભારતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહબાઝ શરીફના ભાષણની આકરી ટીકા કરી છે.ભારતે આ ટિપ્પણીઓને હાસ્યાસ્પદ નાટક ગણાવતા જણાવ્યુ કે કોઈપણ નાટક હકીકતોને છુપાવી શકતું નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં કાયમી મિશનમાં ભારતના સચિવ પેટલ ગેહલોતે કહ્યું કે પાકિસ્તાનના પ્રધાનમંત્રી શરીફે ફરી એકવાર આતંકવાદનું સમર્થન કર્યું છે, જે તેમની વિદેશ નીતિનું કેન્દ્રબિંદુ છે. તેમણે કહ્યું કે આ એ જ પાકિસ્તાન છે જેણે આ વર્ષે એપ્રિલમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસીઓની હત્યામાં દોષિત આતંકવાદી સંગઠનને બચાવ્યું હતું.

તેમણે કહ્યું કે પાકિસ્તાને તાત્કાલિક તમામ આતંકવાદી શિબિરો બંધ કરવી જોઈએ અને વોન્ટેડ આતંકવાદીઓને ભારતને સોંપવા જોઈએ. પાકિસ્તાનના આતંકવાદીઓને આશ્રય આપવાના ઇતિહાસને યાદ

અપાવતા, તેમણે કહ્યું કે પાકિસ્તાની મંત્રીઓએ તાજેતરમાં સ્વીકાર્યું હતું કે તેઓ દાયકાઓથી આતંકવાદી છાવણીઓનું સંચાલન કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે ભારતનો વિશ્વને સંદેશ સ્પષ્ટ છે ,આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા હોવી જોઈએ. તેમણે ભાર મૂક્યો કે ભારતે તેના નાગરિકોનું રક્ષણ કરવાના તેના અધિકારનો ઉપયોગ કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CAMPAIGN

પંચાયતી રાજ મંત્રાલય બીજી ઓક્ટોબરથી દેશમાં "સબકી યોજના, સબકા વિકાસ" અભિયાન શરૂ કરશે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ રાષ્ટ્રવ્યાપી અભિયાન નાણાકીય વર્ષ 2026-27 માટે પંચાયત વિકાસ યોજનાઓ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં સેવા વિતરણ અને સારા પરિણામોમાં સુધારો કરવા માટે સહભાગી, પારદર્શક અને જવાબદાર સ્થાનિક શાસનને મજબૂત બનાવવાનો છે.

આ અભિયાન આદિ કર્મયોગી અભિયાન હેઠળ આદિવાસી સશક્તિકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે, જે ગ્રામ સભાઓને રાષ્ટ્રીય લક્ષ્યો અનુસાર સમાવિષ્ટ વિકાસ માટે નિર્ણાયક મંચ બનવા સક્ષમ બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RBI-WMA LIMIT

ભારતીય રિઝર્વ બેંકે જણાવ્યું છે કે નાણાકીય વર્ષ **2025-26** ના બીજા ભાગમાં કેન્દ્ર સરકાર માટે વેતન અને સરેરાશ એડવાન્સ મર્યાદા **50** હજાર કરોડ રૂપિયા રહેશે.

વેતન અને સરેરાશ એડવાન્સ એ આરબીઆઈ દ્વારા કેન્દ્ર, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રાપ્તિ અને ચુકવણી વચ્ચેના કોઈપણ અંતરને દૂર કરવા માટે આપવામાં આવતી કામચલાઉ એડવાન્સ છે.

કેન્દ્રીય બેંકે ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વેતન અને સરેરાશ એડવાન્સ અંગેનો નિર્ણય કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને લેવામાં આવ્યો હતો. તેમાં વધુમાં જણાવાયું છે કે એકવાર કેન્દ્ર સરકાર વેતન અને સરેરાશ એડવાન્સ મર્યાદાના **75** ટકાનો ઉપયોગ કરી લે, પછી ભારતીય રિઝર્વ બેંક બજારમાં નવી લોન જારી કરી શકે છે.

આરબીઆઈ અને સરકાર બંને પાસે પ્રવર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, કોઈપણ સમયે વેતન અને સરેરાશ એડવાન્સ મર્યાદામાં સુધારો કરવાની સુગમતા છે. વેતન અને સરેરાશ એડવાન્સ પર વ્યાજ દર પ્રવર્તમાન રેપો રેટ હશે, અને ઓવરડ્રાફ્ટ પર, તે રેપો રેટથી **2** ટકા ઉપર હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PALESTINIAN-AMBASSADOR-PM-MODI

ભારતમાં પેલેસ્ટાઇનના રાજદૂત અબ્દુલ્લા અબુ શાવેશે પેલેસ્ટાઇનના લોકોને આપેલા સમર્થન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની પ્રશંસા કરી છે.

પત્રકારો સાથે વાત કરતા, શ્રી શાવેશે ભારપૂર્વક જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર પેલેસ્ટાઇન શરણાર્થીઓને મદદ કરવા માટે જવાબદાર સંયુક્ત રાષ્ટ્ર રાહત અને બચાવ કાર્ય એજન્સીને સમર્થન આપી રહી છે.

તેમણે જણાવ્યુ કે ભારત હાલમાં પેલેસ્ટાઇનમાં કરોડો ડોલરના ખર્ચે હોસ્પિટલ બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતનું વિદેશ મંત્રાલય પેલેસ્ટાઇન માટે ચોવીસ કલાક ઉપલબ્ધ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પેલેસ્ટાઇન ભારતને વ્યાપક દ્રષ્ટિકોણથી જુએ છે. તેમણે ખાતરી આપી કે પેલેસ્ટાઇન અન્ય કોઈપણ દેશ સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં દખલ કરશે નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PALESTINIAN-AMBASSADOR-PM-MODI

ભારતમાં પેલેસ્ટાઇનના રાજદૂત અબ્દુલ્લા અબુ શાવેશે પેલેસ્ટાઇનના લોકોને આપેલા સમર્થન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની પ્રશંસા કરી છે.

પત્રકારો સાથે વાત કરતા, શ્રી શાવેશે ભારપૂર્વક જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકાર પેલેસ્ટાઇન શરણાર્થીઓને મદદ કરવા માટે જવાબદાર સંયુક્ત રાષ્ટ્ર રાહત અને બચાવ કાર્ય એજન્સીને સમર્થન આપી રહી છે.

તેમણે જણાવ્યુ કે ભારત હાલમાં પેલેસ્ટાઇનમાં કરોડો ડોલરના ખર્ચે હોસ્પિટલ બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતનું વિદેશ મંત્રાલય પેલેસ્ટાઇન માટે ચોવીસ કલાક ઉપલબ્ધ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પેલેસ્ટાઇન ભારતને વ્યાપક દ્રષ્ટિકોણથી જુએ છે. તેમણે ખાતરી આપી કે પેલેસ્ટાઇન અન્ય કોઈપણ દેશ સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં દખલ કરશે નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LATA MANGESHKAR PURSHAKR SAMARABH

મધ્યપ્રદેશ સંસ્કૃતિ વિભાગના નેજા હેઠળ અને જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી આયોજિત બે દિવસીય "રાષ્ટ્રીય લતા મંગેશકર સન્માન પુરસ્કાર અને સંગીત સંધ્યા" આજથી શરૂ થશે.

ઇન્દોરના વીઆઈપી પારસ્પર નગરમાં લતા મંગેશકર ઓડિટોરિયમમાં આયોજિત સમારોહના પહેલા દિવસે સ્થાનિક કલાકારો પરફોર્મ કરશે. મુખ્ય કાર્યક્રમ રવિવારે યોજાશે. મુખ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમની અધ્યક્ષતા સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ધર્મેન્દ્ર સિંહ લોધી કરશે. 28 સપ્ટેમ્બરના રોજ, પ્રખ્યાત સંગીત દિગ્દર્શકો શંકર-એહસાન લોય, મુંબઈ અને પ્રખ્યાત પ્લેબેક ગાયક સોનુ નિગમ, મુંબઈને અનુક્રમે વર્ષ 2024 અને 2025 માટે રાષ્ટ્રીય લતા મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .